PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૮/કવા–૦૧/૧૭–૧૮/ ૫૪૦૧ તા. ૨૧/૦૬/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રાજા પુંજા ચૌહાણ,
ગામ: માથાસુરીયા,
તા. વેરાવળ
જી. ગીર – સોમનાથ

વિષય :–નવા ખેતીવાડી વીજજોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૮–૦૫–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૪૮/કવા–૦૧/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૨.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,આકોલાવાડી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 01/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૪૮/ક્વા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૬–૦૬–૧૭ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: રાજા પુંજા ચૌહાણ, ગામ: જુનાગઢ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી રાજા પુંજા ચૌહાણ હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,આકોલાવાડી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)**

**રજુઆત કરનાર :પી.એન.વાંદા – નાયબ ઈજનેર (ટેક)– વિભાગીય કચેરી વેરાવળ**

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેતીવાડી વીજજોડાણ બાબત**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓશ્રી ની, તા.૨૦–૦૨–૨૦૦૬ ના રોજ ની, ગામ: ગુણવતપુર ના, ખેતીવાડી સર્વે નંબર મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવરી લઈ અને, રેકર્ડ તેમજ રહેઠાણ અને માંગણી મુજબ ના સ્થળ ની રેકર્ડ આધારીત ખરાઈ કર્યા વગર, પીજીવીસીએલ તરફથી તેઓની સદર અરજી રદબાતલ કરવાની કાર્યવાહી કરાયેલ છે, તે યોગ્ય અને વ્યાજબી ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી એ તા.૨૦–૦૨–૨૦૦૬ ના રોજ ની, ગામ: ગુણવતપુર ના, ખેતીવાડી સર્વે નંબર મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ૦૫ હોપા ના, ખેતીવાડી વીજજોડાણ ની અરજી રૂ.૨૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરી ને નોંધાવેલ હતી. અરજદાર શ્રી એ, સદર અરજી ના નિયત અરજી ફોર્મ મા, '' માંગણી મુજબ નુ સ્થળ '' જે, ગામ: ગુણવતપુર ની વાડી, ખેતીવાડી સર્વે નંબર : ૩૩ દર્શાવેલ હતુ. પત્ર વ્યહવાર નુ સરનામુ પણ, ગામ: ગુણવતપુર તાલુકા, વેરાવળ જીલ્લા જુનાગઢ દર્શાવેલ હતુ. જેથી, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, અરજદાર શ્રી ને, સદર તા.૨૦–૦૨–૨૦૦૬ ની અરજી મંજુર કરાયા સબબ નુ – મંજુરી નુ ભાવપત્રક નં. : ૩૭૦, તા.૧૦–૦૪–૧૩ થી મોકલવામા આવેલ હતુ. પરંતુ, અરજદાર શ્રી, માંગણી મુજબ ના સ્થળ વાળા ગામ: ગુણવતપુર ખાતે રહેતા ન હોવાના કારણોસર, સદર ભાવપત્રક ની રજીસ્ટર્ડ ટપાલ, જે તા.૧૮–૦૪–૧૩ ના રોજ પરત આવેલ હતી. આમ, સદર ભાવપત્રક ની રકમ રૂ.૫,૯૩૫/–, જે નિયત સમયમર્યાદા ની અંતીમ તારીખ : ૦૯–૦૫–૧૩ સુધી મા ભરપાઈ થયેલ ન હોવાના કારણોસર, સદર ભાવપત્રક આપોઆપ રદબાતલ થયેલ હતુ. અને સાથે અરજદાર શ્રી ની મુળ તા.૨૦–૦૨–૨૦૦૬ ની અરજી પણ આપોઆપ, નિયમાધીન રીતે રદબાતલ થયેલ છે. ફરીયાદી અરજદાર ની સદર અરજી રદબાતલ થયાની જાણકારી, અરજદાર શ્રી ને લેખીત પત્ર મારફત આપવામા આવેલ હોવા બાબતે નો, કોઈ રેકર્ડ પીજીવીસીએલ ની કચેરી મા ઉપલબ્ધ નથી. પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી ને સદર ભાવપત્રક ખરેખર મળેલ ન હોય, અને પરત આવેલ હોય, તેની પરત આવેલ રજીસ્ટર્ડ ટપાલ ( પોસ્ટ) કચેરી મા ઉપલબ્ધ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની તા.૨૦–૦૨–૨૦૦૬ ની, નવા ૦૫ હોપા ના, તેમના ગામ: ગુણવતપુર ખાતે ના ખેતીવાડી સર્વે નંબર : ૩૩ મા કરાયેલ અરજી વાળા મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ ના ભાવપત્રક ની રજીસ્ટર્ડ ટપાલ, જે ખરેખર અરજદાર શ્રી, ગામ: ગુણવતપુર ખાતે રહેતા ન હોવાના કારણોસર, સદર ભાવપત્રક ની રજીસ્ટર્ડ ટપાલ નુ કવર, જે તા.૧૮–૦૪–૧૩ ના રોજ કચેરી મા પરત આવેલ હોવા સબંધક રેકર્ડ કચેરી મા ઉપલબ્ધ છે. જે મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ખરેખર '' માંગણી મુજબ ના ગામ: ગુણવતપુર ખાતે રહેતા ન હોય, પરંતુ, ગામ:માથાસુરીયા ખાતે રહેતા હોય '' આવા કારણોસર, અરજદાર શ્રી ને, તેમની નવા ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી ના સદર ભાવપત્રક ની રકમ રૂ.૫,૯૩૫/–, જે નિયત સમયમર્યાદા ની અંતીમ તારીખ : ૦૯–૦૫–૧૩ સુધી મા, અરજદાર દ્વારા ભરપાઈ થયેલ નથી. તદ ઉપરાંત, ફરીયાદી અરજદાર ની સદર અરજી રદબાતલ થયાની જાણકારી, અરજદાર શ્રી ને લેખીત પત્ર મારફત આપવામા આવેલ હોવા બાબતે નો, કોઈ રેકર્ડ પીજીવીસીએલ ની કચેરી મા ઉપલબ્ધ નથી. તે મુજબ ની વિગતો દર્શાવતો અહેવાલ, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૩.૨** | આમ, ફરીયાદી અરજદાર શ્રી ને, તેમની સવાલવાળી નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી ની મંજુરી નુ ભાવપત્રક, ખરેખર મળેલ ન હોવાની બાબત ને, રેકર્ડ આધારીત સમર્થન મળેલ છે. આમ, અરજદાર ને ખરેખર ભાવપત્રક મળેલ જ નથી, તે બાબત ની રેકર્ડ આધારીત સ્પષ્ટતા, પીજીવીસીએલ તરફથી થયેલ છે. |
| **૩.૩** | જેથી, ફરીયાદી અરજદાર શ્રી ને હવે, પીજીવીસીએલ ના પ્રવર્તમાન નિયમાધીન રીતે યોગ્ય અને ન્યાયિક રીતે વ્યાજબીપણા હેઠળ, નવેસર થી જ, તેમની મુળ તા.૨૦–૦૨–૨૦૦૬ ની અરજી ની મંજુરી નુ ભાવપત્રક, પીજીવીસીએલ દ્વારા પાઠવવાની બાબત, ફોરમ કમિટી ને યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. આમ, અરજદાર શ્રી ને તેમની તા.૨૦–૦૨–૨૦૦૬ ની, નવા ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી નુ, નવેસર થી જ ભાવપત્રક, જે અરજદાર શ્રી નો, ટેલીફોન મારફત સંપર્ક કરી, કચેરી મા રૂબરૂ બોલાવી અને રૂબરૂ ભાવપત્રક અરજદાર શ્રી ને આપવાની બાબત પણ, ફોરમ કમિટી ને યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. જેથી, આ મુજબ ની કાર્યવાહી હેઠળ અરજદાર શ્રી ને, નવેસર થી જ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૧૦ મા ભાવપત્રક આપી, અને અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ, તેમની સવાલવાળી ફરીયાદ નુ નિરાકરણ કરાયા સબબ નો અહેવાલ, અત્રેના ફોરમ સમક્ષ દિન–૧૫ મા રજુ કરવાનો, આ પ્રમાણે નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ છે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧, ૩.૨ ની વિગતો ને આનુષાંગીક રહીને, મુદદા નં. ૩.૩ ની વિગતે, અરજદાર શ્રી ને તેમની તા.૨૦–૦૨–૨૦૦૬ ની – નવા ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી નુ – નવેસર થી જ ભાવપત્રક – જે અરજદાર શ્રી નો, ટેલીફોન મારફત સંપર્ક કરી, કચેરી મા રૂબરૂ બોલાવી અને રૂબરૂ ભાવપત્રક અરજદાર શ્રી ને દિન–૧૦ મા આપી – અને અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ, અરજદાર શ્રી ની સદર સવાલવાળી ફરીયાદ નુ નિરાકરણ કરાયા સબબ નો અહેવાલ – જે, અત્રેના ફોરમ સમક્ષ દિન–૧૫ મા રજુ કરવા માટેનો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.